# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-08-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN SITUATION IN DISCTRICTS -1

ભારે વરસાદથી સૌરાષ્ટ્રનાં અનેક જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. ક્યાંક રસ્તાઓ બંધ થયા તો ક્યાંક વરસાદી પાણી ઘર અને રસ્તા પર ફરી વળ્યાના અહેવાલ છે.

જુનાગઢમાં મેંદરડા , વંથલિ અને કેશોદમાં ભારે વરસાદને પગલે પંચાયત હસ્તકના નવ રસ્તા બંધ કરાયા છે, જ્યારે માણાવદર અને વંથલિ તાલુકાના 35 ગામ સંપર્ક-વિહોણા બન્યા છે. નીચાણવાળા 52 ગામને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. માણાવદરમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. વધુ માહિતી અમારા પ્રતિનિધિ પાસેથી.

(V/C- SANJIV MEHTA, PTC, JUNAGADH)

ભાવનગર જિલ્લાનો શેત્રુંજી બંધ આ મોસમમાં ચોથી વખત 100 ટકા ભરાતા પાલિતાણા અને તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામને સાવચેત કરાયા છે.

ગીરસોમનાથ જિલ્લાના તમામ તાલુકામાં સતત બે દિવસથી ભારે વરસાદ થતાં જિલ્લા કલેક્ટરે નીચાણવાળા વિસ્તારમાં અને નદી-નાળા પાસે ન જવા લોકોને અપીલ કરી છે. બીજી તરફ , દરિયામાં રહેલી તમામ હોડીઓને તાત્કાલિક અસરથી પરત આવવા સૂચના અપાઈ છે.

દેવભૂમિદ્વારકામાં કલ્યાણપુર પંથક 11 અને દ્વારકા પંથકમાં છ ઇંચ વરસાદ થતા જનજીવનને અસર થઈ છે. ભાટિયા-ભોગાત રાજ્ય ધોરીમાર્ગ કલ્યાણપુર —પોરબંદરને જોડતા રાવલ સૂર્યવાદર રાજ્ય ધોરીમાર્ગ અને લાંબા—હર્ષદ વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વરસાદી પાણી ભરાતા વાહન વ્યવહારને અસર થઈ છે...1

# RAIN SITUATION IN DISCTRICTS -2

વલસાડમાં ધોધમાર વરસાદ થતા લોકોએ રાહત અનુભવી. જિલ્લામાં બપોરે 12 વાગ્યા સુધીમાં સૌથી વધુ પાંચ ઇંચ જેટલો વરસાદ કપરાડા તાલુકામાં નોંધાયો છે.

તાપીમાં ઉકાઈ બંધ-ના ઉપરવાસ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી લાખો ક્યૂસેક પાણીની આવક થતાં પહેલી વાર ગેટ ઑપરેશનની કાર્યવાહી હાથ ધરાઈ. બંધ-નું સ્તર જાળવી રાખવા આવક જેટલું જ પાણી બંધના હાઈડ્રોપાવર સ્ટેશન અને 22 પૈકી નવ દરવાજા ખોલીને છોડવામાં આવી રહ્યું છે.

કચ્છમાં પણ સતત પાંચમા દિવસે વરસાદ વરસી રહ્યો છે.

. . . . . .

# GUJARAT WEATHER OVERALL

જૂનાગઢ, ગીરસોમનાથ સહિતનાં દરિયાઈ જિલ્લામાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ થતાં સામાન્ય જનજીવન અસરગ્રસ્ત થયું છે. **આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 110 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ 13 ઇંચ જેટલો વરસાદ જુનાગઢના મેંદરડા તાલુકામાં થયાના અહેવાલ છે. વરસાદને કારણે અત્યાર સુધી 40 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે હાલમાં 64 બંધ-ને હાઈઅલર્ટ પર રખાયા છે.**

**હવામાન વિભાગે 25 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે અમરેલી , ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ 23 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.**

. . . . . . . .

# CABINET MEETING GANDHINAGAR

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમ , રાજ્યમાં ખરીફ વાવેતરને લઈ ઉપલબ્ધ ખાતરના જથ્થા તથા વાવેતર , રાજ્યમાં ભારે વરસાદની આગાહી પર તંત્રની તૈયારીઓ, રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત વિષય અંગે સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત ગુજરાત વિધાનસભાના આગામી ચોમાસું સત્રમાં આવનારા ખરડા અંગે બેઠકમાં ચર્ચા થઈ.

. . . . .

# AMDAVAD SCHOOL PANSHERIYA

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ અમદાવાદની ખાનગી શાળામાં થયેલી વિદ્યાર્થીની હત્યાની ઘટનાને વખોડી કાઢી છે. ગાંધીનગરમાં આ અંગે પ્રતિક્રિયા આપતાં, શ્રી પાનશેરીયાએ વિકૃત માનસિકતા ધરાવતા વિદ્યાર્થીઓ પર નજર રાખવા શાળાઓને સૂચન કર્યું હતું.

(BYTE: PRAFUL PANSHERIYA, EDUCATION MINISTER)

. . . .

# DANG CAR

ડાંગના સાપુતારામાં એક કાર રેલિંગ તોડી ખીણમાં ખાબકી હતી. જોકે આ ઘટનામાં કારમાં સવાર પરિવારનો ચમત્કારિક બચાવ થયો હતો. અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે સુરતના પ્રવાસીઓની કાર ટેબલ પોઈન્ટ પર જતી વખતે 100 ફૂટ નીચે પડી હતી. ઘટનાના પગલે પોલીસ બચાવ અભિયાન શરૂ કર્યું.

. . . . . . . . . . . . .

# DIV PRAFUL PATEL

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી, દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ પટેલ દીવમાં વિવિધ વિકાસ કાર્યોની કામગીરીની સમીક્ષા કરી. દરમિયાન શ્રી પટેલે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને તમામ કામ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે કેન્દ્રશાસિત પ્રદેશના ઉચ્ચ અધિકારીઓ અને દીવના જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# NARMADA UTTRAKHAND MEDAL

નર્મદા જિલ્લાનાં ખેલાડી ફલક વસાવાએ ઉત્તરાખંડમાં યોજાયેલી ટ્રૅમ્પોલિન જિમ્નેસ્ટિક નૅશનલ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. રાજપીપળાનાં "ગોલ્ડન ગર્લ" તરીકે ઓળખાતાં ફલક વસાવાએ આ ચેમ્પિયનશીપમાં 15 થી 16 વર્ષની વયની જૂનિયર શ્રેણીમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. વર્ષ 2024માં સુરત ખાતે યોજાયેલી ટ્રૅમ્પૉલિન જિમ્નેસ્ટિક નૅશનલ ચેમ્પિયનશીપમાં તેમણે સબ જૂનિયર શ્રેણીમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

. . . . . . .